US Agriseeds®
Seed that Works

SeedWorks®

25 YEARS OF SERVING FARMERS

# KMH - 721

» પાકવાનો સમય ગાળો ૧૨૫ થી ૧૩૫ દિવસ
» મોટા દાણા
» વધુ ઉત્પાદન
» વધુ ડાળીઓ અને વધુ ફળીઓ



# હાઇબ્રીડ રાયડાની ખેતી પદ્ધતિ

## ખેતરની તૈયારી:

પહેલા જમીનને સારી રીતે તૈયાર કરવી જોઇએ, ઊંડી ખેડ કરવી જોઇએ, ત્યારબાદ બે ક્રોસ હેરોઇંગ કરવી જોઇએ (તવી અથવા ડિશ મારવી જોઇએ). ખેતરમાંથી નીંદણ અને શેઢા પાળા સારી રીતે સાફ કરવા જોઇએ અને જમીનમાં પૂરતો ભેજ રહે તેનું ધ્યાન રાખવું જોઇએ.

## વાવણી:

| | |
|---|---|
| વાવણીસમયગાળો | ઓક્ટોબર – નવેમ્બર |
| આદર્શતાપમાન | 25°C - 30°C |
| બીજનોદર | 1 કિગ્રાપ્રતિએકર |
| અંતર | 45 સે.મી. x 15 સે.મી. |
| વીજતનઊંડાઇ | 1.5 સે.મી. થી 2.5 સે.મી. |

## પોષકતત્વવ્યવસ્થાપન:

- ખેતરમાં ખાતર આપવું તે જમીન ચકાસણી રિપોર્ટ અને રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓની ભલામણ આધારિત હોવું જોઈએ. સામાન્ય ભલામણ મુજબ ખાતર ની માત્રા નીચેમુજબ છે.
- છાણીયુ ખાતર (સજીવખાતર) 6-8 મેટ્રિક ટન પ્રતિ એકર પ્રમાણમાં આપવું.

| ખાતરનું નામ | શરૂઆતમાં (બેસલ) (કિ.ગ્રા/એકર) | પ્રથમ પાણી દરમિયાન (કિ.ગ્રા/એકર) |
|---|---|---|
| યૂરિયા (Urea) | 25 | 35 |
| એસએસપી (SSP) | 80 | – |
| એમઓપી (MOP) | 25 | – |
| સલ્ફર 67% + ઝિંક 14% WDG | – | 4 |

## પાણી વ્યવસ્થાપન:

સિંચાઈના મહત્વપૂર્ણ તબક્કાઓમાં પ્રથમ સિંચાઇ 30-35 દિવસ પછી (DAS) અને બીજી સિંચાઇ શીંગની ભરાવની અવસ્થાએ એટલે કે 65-70 દિવસ પછી કરવી.

## નિંદણ નિયંત્રણ:

હાથેથી નિંદણ દૂર કરવાની કામગીરી 20-25 દિવસની અવસ્થાએ કરવી. વાવણી પછી 2-3 દિવસની અંદર Pendimethalin 30 EC @ 1.0 લિટર પ્રતિ એકરનું ઉપયોગ પૂર્વઉદય નીંદણનાશક તરીકે કરવું.

## જીવાત અને રોગ વ્યવસ્થાપન :

| વિગત | નિયંત્રણ વિધિ |
|---|---|
| એફિડ | ઇમિડાક્લોપ્રિડ કીટનાશક દ્રાવણ @ 30 મિલિ 15 લિટર પાણીમાં છાંટો અથવા થાયોમેથોક્સામ 25% WG @ 20-40 ગ્રામ 200-400 લિટર પાણી/એકર સાથે છાંટવું. |
| પેઇન્ટેડ બગ | ક્લોરોપાયરીફોસ @ 2 મિલિ/લિટર પાણીમાં છાંટવું. |
| સો ફ્લાય | મેલેથીયોન 25% EC @ 600 મિલિ ને 200-400 લિટર પાણી/એકર પ્રમાણે છાંટવું. |
| ડમ્પિંગ ઑફ | સિમોક્સેનિલ 8% + મેન્કોઝેબ 64% ફૂગનાશક @ 30 ગ્રામ 15 લિટર પાણીમાં છાંટવું અથવા ડ્રેન્ચ કરવું. |
| પાઉડરી મિલ્ડ્યૂ | ટેબુકોનાજોલ + ટ્રાઇફ્લોક્સિસ્ટ્રોબિન @ 120 ગ્રામ/એકર અથવા કોપર ઑક્સી ક્લોરાઇડ @ 30 ગ્રામ/15 લિટર પાણીમાં છાંટવું. |
| ડાઉની મિલ્ડ્યૂ | મેટેલેક્સિલ 4% + મેન્કોઝેબ 64% WP @ 1000 ગ્રામ 400 લિટર પાણી/એકર સાથે છાંટવું. |
| સ્ક્લેરોટીના (દાંડી સડવો) | મેટેલેક્સિલ 4% + મેન્કોઝેબ 64% WP @ 1000 ગ્રામ 400 લિટર પાણી/એકર અથવા મેન્કોઝેબ + કાર્બેન્ડાઝિમ 75% @ 30 ગ્રામ/15 લિટર પાણીમાં છાંટવું. |
| વ્હાઇટ રસ્ટ | મેન્કોઝેબ + કાર્બેન્ડાઝિમ 75% @ 30 ગ્રામ/15 લિટર પાણીમાં છાંટવું. |

## ફસલ કાપણી અને મલણ:

જ્યારે ૭૫-૮૦% ફળીઓ પીળાશ પડતા ભૂરા રંગની થઇ જાય ત્યારે કાપણી કરવી જોઇએ. કાપણી કરતી વખતે (કાપણી પછી લગભગ ૫ દિવસ પછી) દાણામાં લગભગ ૮-૧૦% ભેજ હોવો જોઇએ.